# ઈસ્ટરની સવારે ઈસુ મુએલામાંથી ઉઠયા અને સદા જીવીત છે.

આમાંની કોઈ બાળકોની શૈક્ષણિક પ્રવૃત્તિઓ **પસંદ કરો.**

બાળકોને આ ચિત્રની નકલ કરાવો કે રંગ પૂરાવો.



**કોઈ મોટો બાળક કે શિક્ષક** પ્રભુ ઈસુના પુનરુત્થાનની વાર્તા માર્ક ૧૫: ૧ - ૧૬ :૮ સુધી માંથી વાંચે અથવા કહે.પ્રભુ ઈસુ કેવી રીતે મરણ પામ્યા તેમને દાટવામાં આવ્યા અને ત્રણ દિવસ પછી પાછા ઉઠયા તે વાત છે.

વાર્તા કહી રહ્યા પછી. આ પ્રશ્નો પૂછો. જવાબો સાથે જ આપેલા છે.

જ્યારે પ્રભુ ઈસુ મરણ પામ્યા અને પાછા ઉઠયા ત્યારે તેમણે આપણે માટે શું કર્યું છે ? (પ્રભુ ઈસુના લોહીમાં આપણા પાપ ઢંકાય છે અને જેઓ તેનામાં વિશ્વાસ કરે છે તેઓને તેના પુનરુત્થાન દ્વારા જીવન મળે છે.

પિલાતે ઈસુ માટે શું કહ્યું ? (યહુદીઓનો રાજા માર્ક ૧૫ :૨)

સૈનિકોએ ઈસુ સાથે કેવો વર્તાવ કર્યો ? (માર્ક ૧૫ :૧૭-૧૯)

તેના માથા પર કેવો લેખ તેઓએ લખ્યો હતો ? (માર્ક ૧૫ :૨૬)

ઈસુએ મરતી વખતે કેવી વાણી કહી ? (માર્ક ૧૫ :૩૪)

અરીમથીઆના યુસફે શું કર્યું ? (માર્ક ૧૫ :૪૩-૪૬)

કબરના મુખ પર શું મૂકેલું હતું ? (માર્ક ૧૫ :૪૬)

કોણ કબરે ગયું અને તેને કબર ખાલી જોવા મળી ? (માર્ક ૧૬ :૧)

ઈસ્ટરની વાર્તાનું **નાટક બનાવો.**

ભજનસેવાના આગેવાન પાસે ભજનસેવા સમયે આ નાટક રજુ કરવાની મંજુરી લો.

બાળકોને નાટકની તૈયારી તમે કરાવો.

તમે કેટલા ભાગ કાઢી નાખી શકો અથવા શાસ્ત્રભાગ પ્રમાણે કેટલાક ઉમેરી શકો.

મોટા બાળકો નાનોને તૈયારીમા મદદ કરે.

મોટા બાળકો કે સભાજનો આ પાત્રો ભજવે

**ઉદ્‌ઘોષક : જે વાર્તા કહે અને બાળકોને સંવાદો શીખવે.**

**સૈનિકો** : જેઓ કોરડા, કાંટાનો મુગટ અને ઝભ્ભો દર્શાવતી વસ્તુઓ રાખે.

**યાજકો**

**ઈસુ**

**પિલાત**

**યુસફ** : કપડું તૈયાર રાખખે.

નાના બાળકો આ પાત્રો ભજવે.

**સ્ત્રીઓ** : પોતાની પાસે અત્તર દેખાડવા બાટલીઓ રાખે.

**લોક ટોળું**

**દૂત**

આ નાટક ત્રણ ભાગમાં કરો :

**ભાગ ૧ (માર્ક ૧૫ :૧-૨૦)**

**ઉદ્‌ઘોષક** : વાર્તાનો પ્રથમ ભાગ માર્ક ૧૫ :૧-૨૦ ઉપરથી વાંચી જાય અથવા મોઢે બોલે. પછી કહે સાંભળો, યાજકો શું કહે છે.

**યાજકો** : સાહેબ, આ માણસે અમારા નિયમો તોડયા છે. તે મરણને યોગ્ય છે.

**પિલાત** : ઈસુ, શું તુ યહુદીઓનો રાજા છે ?

**ઈસુ** : હું છું.

**પિલાત** : આશ્ચર્યથી જોઈ રહે છે. પછી કહે છે, 'મને આ માણસમાં કોઈ અપરાધ જણાતો નથી. હે લોકો, શું તમે ચાહો છો કે હું આ માણસને છોડી દઉં ?''

**ટોળુ** : ગુસ્સાથી બૂમો પાડે ''બારાબ્બાસને છોડી દો, ઈસુને વધસ્તંભને જડો.

**પિલાત** : સૈનિકો, તેને લઈ જઈને વધસ્તંભે જડો.

**સૈનિકો** : ઈસુને કોરડા મારવાનો અભિનય કરે. તેને ઝભ્ભો ઓઢાડે અને તેના માથે કાંટાનો મુગટ મુકે તેની મશ્કરી કરીને કહે, 'ઓ યહુદીઓના રાજા, સલામ !' 'જો તારો મુગટ' 'આ તારો ઝભ્ભો' 'અને આ તારો વધસ્તંભ! ચાલ, ઊંચક!'

**ભાગ - ૨(માર્ક ૧૫ :૨૨-૪૭)**

**ઉદ્‌ઘોષક** : વાર્તાનો બીજો ભાગ માર્ક ૧૫ :૨૨-૪૭ ઉપરથી વાંચે અથવા મોઢે કહે. આ દરમ્યાન ઈસુ નમી ગયેલી દશામાં પીઠ પર ભારે વધસ્તંભ ઊંચકીને ધીરેથી ચાલવાનો રૂમમા અભિનય કરે. જ્યારે વર્ણન કરનાર પુરુ કરે ત્યારે સૈનિકો વધસ્તંભ જમીન ઉપર મૂકવાનો અભિનય કરે.

**ઉદ્‌ઘોષક** : બોલે, ''સાંભળો, સૈનિકો શું કહે છે.''

**સૈનિકો** : ઈસુને વધસ્તંભે જડવાનો અભિનય કરે અને બોલે, 'ચાલો, આપણે તેના ઝભ્ભા માટે ચિઠ્ઠીઓ નાખીએ.' (હવે વધસ્તંભે જડેલા ઈસુને ઊંચકવાનો અભિનય કરવા તેને ખુરશી પર બેસાડીને ઊભા ઊભા ખુરશી ઊંચી કરવી.)

**લોકોનું ટોળું** : 'જૂઓ પેલો લેખ ! તેમાં લખ્યું છે કે ઈસુ રાજા છે. ઓ ઈસુ, તું પોતાને બચાવ !'

**યાજક** : ઈસુ, તારી તાકાત બતાવ અને વધસ્તંભ પરથી ઉતરી આવ.

**ઈસુ** : જોરથી બૂમ પાડે છે 'મારા દેવ, તેં મને કેમ તજી દીધો છે ?'

**સ્ત્રીઓ** : અરે ! ઈસુ મરણ પામ્યા છે !

## ત્રીજો ભાગ (માર્ક ૧૬ :૧-૮)

**ઉદ્‌ઘોષક** : વાર્તાનો ત્રીજો ભાગ માર્ક ૧૬ :૮ ઉપરથી કહે પછી બોલે, સાંભળો યુસફ શું કહે છે.

**યુસફ** : પિલાત, મને ઈસુનું શબ દાટવા દે (સ્ત્રીઓ જૂએ છે) તેઓ ઈસુને વધસ્તંભ પરથી ઉતારે છે, તેને કપડામાં વીંટાળે છે અને કબરમાં મૂકે છે. (ટેબલની નીચે મૂકે ) તેની આગળ પથ્થર દર્શાવવા એક ખુરશી મૂકે.

**ઉદ્‌ઘોષક** : ત્રીજા દિવસે એક મહાન ચમત્કાર થાય છે. 'તે પથ્થર (ખુરશી) હટાવે. ઈસુ ઊભા થાય અને ચાલીને એક બાજુ આવે.

**સ્ત્રીઓ** : અત્તરો સાથે કબરે જાય. આંસુ લૂછી નાખે એકબીજાને પૂછે, 'કબર પરથી પથ્થર કોણ ગબડાવશે?' 'અરે જૂઓ, પથ્થર ગબડી ગયો છે. ત્યાં એક દૂત ઊભો છે.'

**દૂત** : ઈસુ ઉઠયો છે ! જાઓ તેના શિષ્યોને કહો.

**ઉદ્‌ઘોષક** : નાટક પૂરું થયાની જાહેરાત કરે અને બાળકોનો આભાર માને.

બાળકો સભાજનોને પૂછી શકે કે પ્રભુ ઈસુએ મરણ પામીને તેમજ મરણમાંથી સજીવન થઈને આપણે માટે શું કર્યું છે. તેનો જવાબ ઈસુનું રક્ત આપણા પાપનું પ્રાયશ્ચિત કરે છે અને તેના પુનરુત્થાન દ્વારા તેના પર વિશ્વાસ કરનાર દરેકને જીવન મળે છે.

કેટલાક બાળકો વધસ્તંભે જડાયેલા ઈસુનું ચિત્ર દોરે જ્યારે બાકીના કબરમાંથી બહાર આવેલા ઈસુનું ચિત્ર દોરે. ભજનસેવા વખતે આ ચિત્રો બતાવવા અને સભાજનોને સમજાવવું કે કેવી રીતે પ્રભુ ઈસુ આપણે માટે મરણ પામ્યા અને ત્રીજે દિવસે આપણને જીવન આપવા માટે પાછા ઉઠયા.

૧ પિતર ૧ :૩ **મુખપાઠ કરો**.

ચાર બાળકો ગી.શા. ૨૧ :૧-૪ બોલી જાય. ઈસુના પુનુરુત્થાન બાબતે મોટા બાળકો ગીત બનાવે.

**પ્રાર્થના** : વહાલા ઈસુ,આજે અમે તમારું મરણ અને પુનરુત્થાન યાદ કરીએ છીએ. તમારા મરણ દ્વારા અમને પાપોની માફી મળી છે. તમારું પુનરુત્થાન અમને જીવન આપે છે. અમે તમારી સ્તુતિ કરીએ છીએ.

Copyright © 2004 by Paul- Timothy. May be freely copied.
Download from www. Paul-Timothy.net